

## ડીસામાં જિલ્લા ભાજપ દ્વારા સીએએના સમર્થનમાં વિશાળ રેલી યોજાઈ

ગઈકાલે તા. ૧૮-૧-૨૦૨૦ને શનિવારના રોજ બ.કાં. જિલ્લા ભાજપ દ્વારા ડીસા ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી. પટેલની આગેવાનીમાં સમગ્ર જિલ્લામાંથી સીએએના સમર્થનમાં લખાયેલ પોસ્ટકાર્ડ સાથેની એક વિશાળ રેલી સવારે ૧૦ કલાકે સાંઈબાબા મંદિરથી પોસ્ટ ઓફીસ સુધી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને આગેવાનો જોડાયા હતા. કેન્દ્ર સરકારના સીએએ કાયદાના સમર્થનમાં યોજાયેલ વિશાળ રેલીમાં સમગ્ર જિલ્લામાંથી સીએએના સમર્થનમાં નાગરિકોએ પોસ્ટ કાર્ડ લખ્યા હતા. જેમાં માત્ર બનાસકાંઠા જિલ્લામાં ૫૫ હજારથી વધુ પોસ્ટ કાર્ડ લખી જનતાએ સરકારના મહત્વાકાંક્ષી બીલને સમર્થન આપ્યું હતું. આ રેલીમાં પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, સાંસદ પરબતભાઈ પટેલ, કેસાજી ઠાકોર, ડીસા ધારાસભ્ય શશીકાંત પડ્યા સહિત ભાજપના હોદેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં આ રેલીમાં જોડાયા હતા. આ વિશાળ રેલીમાં ૫૫ હજારથી વધુ લખવામાં આવેલ પોસ્ટ કાર્ડ ડીસાની પોસ્ટ ઓફિસ મારફતે કેન્દ્રમાં રવાના કરવામાં આવનાર છે.

# મોબાઈલ નેટવર્ક ખોરવાતા ગ્રાહકોમાં ભારે નારાજગી

### મોટાકોટડા ગામમાં બી.એસ.એન.એલ.ની લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્કની કનેક્ટીવીટી ત્રણ દિવસથી ઠપ્પ ગ્રાહકો ત્રાહિમામ

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ઈડર તાલુકાના મોટાકોટડા ગામ તેમજ આજુ-બાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બી.એસ.એન.એલ.નું મોબાઈલ નેટવર્ક છેલ્લા ત્રણ દિવસથી ખોરવાતા ગ્રાહકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.છેલ્લા ત્રણ દિવસથી બી.એસ.એન.એલ.ની લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્કની કનેક્ટીવીટી ઠપ્પ હોઈ ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે.મોટાકોટડા ગામના સામાજીક આગેવાન કેશુભાઈ પી.પટેલ સહિત બી.એસ.એન.એલ.ના જાગૃત ગ્રાહકોએ વારંવાર રજુઆત કરવા છતાં કોઈ જ ઉકેલ આવતો નથી ? ગ્રામિણ વિસ્તારોના ગ્રાહકોએ બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કના સીમકાર્ડ મેળવ્યા પછી પસ્તાવાનો વારો આવ્યો છે.કુદરતી આકસ્મીક પ્રસંગે મોબાઈલ કામ ન આવતા બી.એસ.એન.એલ.નું સીમકાર્ડ રાખવાનો કોઈ જ અર્થ નથી તેમ ગ્રાહકોએ જણાવ્યું હતું.કેન્દ્ર સરકારના દાવા મુજબ ભારત સરકારની બી.એસ.એન.એલ.ની વિવિધ યોજનાઓ સુંદર અને પ્રજાલક્ષી છે પરંતુ બી.એસ.એન.એલ.ની કહેવા પુરતી યોજનાઓ ફક્ત જાહેરાત પુરતી જ સીમીત હોય તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે.

મોટા ભાગની સરકારી ઓફીસો અને બેંકોમાં બી.એસ.એન.એલ. નેટવર્ક



કનેકટીવીટી બંધ હોઈ અધિકારીઓ અને અરજદારો હેરાન પરેશાન થઈ રહ્યા છે.મોબાઈલ નેટવર્ક ખોરવાતા ધારકોમાં ભારે નારાજગીનો માહોલ જોવા મળ્યો હતો.

બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્કના ધાંધીયા છેલ્લા ઘણા વર્ષોથી હોઈ હવે તો ગ્રાહકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ઈમરજન્સી કામકાજ દરમ્યાન ગ્રાહકો ભારે મુશ્કેલીમાં મુંકાઈ રહ્યા છે.જાગૃત ગ્રાહકોના જણાવ્યા મુજબ બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક છેલ્લા ત્રણ દિવસથી સંપુર્ણપણે ઠપ્પ હોઈ ગ્રાહકોની હેરાનગતી દિન-પ્રતિ-દિન વધતી જાય છે.

એક તરફ ધંધાકીય હરીફાઈ વધતા મોબાઈલ નેટવર્કની પ્રાઈવેટ કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી સ્કીમો ધ્વારા ગ્રાહકોને આકર્ષીત કરે છે.બીજી તરફ બી.એસ.એન. એલ. નું નેટવર્ક,કનેકટીવીટી અને સ્પીડના ધાંધીયા હોવાના કારણે બી.એસ.એન.એલ. મોબાઈલ નેટવર્ક વારંવાર ખોરવાતા ગ્રાહકો હવે તો પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ રહ્યા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા કક્ષાના બી.એસ.એન. એલ. વિભાગના ઉચ્ચ કક્ષાના જવાબદાર અધિકારીઓ ધ્વારા લેન્ડલાઈન અને મોબાઈલ નેટવર્ક ગ્રાહકોને વ્યવસ્થિત રીતે મળે તેવું આયોજન કરવું જોઈએ તેમ જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું.બી.એસ. એન.એલ. ના અધિકારીઓ હવે લાપરવાહી દાખવશે તો ગ્રાહકો દિન-પ્રતિ-દિન પ્રાઈવેટ કંપનીઓ તરફ આકર્ષાઈ જશે તે દિવસો હવે દુર નથી તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.



## સપ્તધારાથી સ્વાસ્થ્ય દ્વારા પોલિયોનો પ્રચાર

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના પ્રા.આ. કેન્દ્ર, કિશનગઢના સુપરવાઈઝર અને સપ્તધારાના સાધક સંજયકુમાર બારોટ દ્વારા પપેટના માધ્યમથી લોકોને સમજાવતાં જણાવ્યું હતુ કે તા.૧૯ જાન્યુઆરીને રવિવારે ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકોને પોલિઓ બૂથ ઉપર જઈ પોલિયો રસીનાં બે ટીપાં અવશ્ય પીવડાવો. આ અંગે ગામે ગામ અને ઘર ઘર સુધી આરોગ્યના કર્મચારીઓ ભાઈ બહેન તથા આશા, આશા ફેસિલેટર દ્વારા લોકોને આરોગ્ય શિક્ષણ આપી પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો.

# લો...બોલો... શિક્ષકો હવે સામુહિક ભોજનમાં થતા બગાડને અટકાવવા દોડશે

### સંયુક્ત શિક્ષણ નિયામકના પરિપત્રથી શિક્ષકોમાં રોષ

ગતિશીલ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે અધોગતિના પંથે છે. પ્રાથમિક શાળાઓનું શિક્ષણ ખાડે ગયું છે, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીના અભાવે દયનિય સ્થિતિ પ્રવર્તી રહી છે, અંતરિયાળ વિસ્તરોમાં તો વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

ત્યારે સંયુક્ત શિક્ષણ નિયામકના પરિપત્રથી શિક્ષણઆલમમાં રોષ ફેલાયો છે. જેમાં શિક્ષકોને એક વિચિત્ર જવાબદારી સોંપવામાં આવી છે. હવે લગ્ન પ્રસંગમાં ભોજનનો બગાડ અટકાવવાનું કામ શિક્ષકોને સોંપવામાં આવ્યું છે. 'સામાજિક સંમેલન, લગ્ન, જન્મદિવસની ઉજવણીમાં ભોજનનો બગાડ ન થાય તેનું ધ્યાન શિક્ષકોને રાખવાનું રહેશે.

થોડા સમય અગાઉ બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં તીડ ત્રાટકતા તીડ ભગાડવાની કામગીરી સોંપતા વિવાદનું કેન્દ્ર બની હતી. રાજ્યના પ્રાથમિક શિક્ષકોને નીતનવી ફરજો સોંપતા શિક્ષણનું સ્તર કથળતું હોવાથી શિક્ષકોએ ભારે વિરોધ નોંધાવી ચુક્યા છે. ત્યારે વધુ એક વિચિત્ર પરિપત્રથી શિક્ષકોમાં આક્રોશ ફેલાયો છે. સયુંક્ત શિક્ષણ નિયામકે જીલ્લા શિક્ષણાધિકારી અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીને પરિપત્ર કરી આદેશ આપ્યો છે અને શિક્ષકોને ખોરાકનો બગાડ અટકે તે માટે જનજાગૃતિનું કામ સોંપાયું છે. અન્નનો બગાડ અટકાવવાના માર્ગ શોધવાની કામગીરી શિક્ષકોના શિરે ફાળવવામાં આવી છે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે સૂચના અપાઈ છે.

ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોને સરકારની કેટલીક કામગીરીમાં અવાર-નવાર પરિપત્ર કરી જોતરી દેવામાં આવતા હોવાથી શિક્ષકોમાં બૂમો ઉઠતી રહે છે.

શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવવાની જગ્યાએ સરકારે સોંપેલી આવી જવાબદારીઓમાં વ્યસ્ત રહેશે તો ગુજરાતનું ભાવી કેવી રીતે ભણશે. કેવી રીતે ગુજરાતમાં શિક્ષણદર ઉંચો આવશે. શું શિક્ષકો વૈકલ્પિક કામગીરી માટેનું એક વિકલ્પ બની ગયા છે. શું શિક્ષકો માટે બહાર પડતા પરિપત્રો અને આદેશો પહેલાં તંત્ર ગુજરાતના ભાવી માટે વિચારતું નથી કે શું...? તેવા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે હાલ આ પરિપત્રથી સોશ્યલ મીડિયામાં મજાક ઉડી રહી છે.

# ડીસા જીઆઈડીસી નજીક ઝેરી પદાર્થ આરોગતા બે ગાયોના મોત

ડીસા, તા. ૧૮

ડીસાના જીઆઈડીસી વિસ્તાર નજીક આવેલી ખુલ્લી જગ્યાની આસપાસ મોટા ભાગની ફેકટરીઓનો કચરો ફેંકવામાં આવી રહ્યો છે જે ઝેરી કચરો અહીં આસપાસ ફરતી અનેક ગાયો આરોગી જાય છે જેથી ગાયોના જીવ જોખમાય છે. ગત શનિવારે આવો ઝેરી કચરો આરોગી જતા બે ગાયોના તરફડીને મોત નિપજ્યા હતા જ્યારે એક ગાય ગંભીર રીતે બીમાર પડતા તેને એમ્બ્યુલન્સ મારફત સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ મામલે બાજુમાં જ ખેતર ધરાવતા સુરેશભાઈ રાણાએ જણાવ્યું હતું કે અહીં અવારનવાર આસપાસમાં આવેલ જીઆઈડીસી વિસ્તારના ફેકટરી માલિકો દ્વારા અહીં ઝેરી કચરો નાખી દેવામાં આવે છે જેને આ ગાયો આરોગતા તેઓ મૃત્યુ પામી રહી છે. જવાબદાર તંત્ર દ્વારા સત્વરે ઘટતાં પગલાં ભરાય તેવી જીવદયા પ્રેમીઓમાં માંગ પણ ઉઠવા પામી છે.

### સાયરા(અમરાપુર) "નિર્ભયા" કેસમાં મોડાસા ટાઉન પીઆઈ

# એન.કે. રબારીને સસ્પેન્ડ કરાતા પોલીસ બેડામાં ખળભળાટ

મોડાસા, તા. ૧૮

મૃતક "નિર્ભયા"ના પરિવારજનોએ યુવતીનું અપહરણ મોડાસાથી થતા તે અંગે મોડાસા ટાઉન પીઆઈ એન.કે. રબારીને ૩-૧-૨૦૨૦ના રોજ લેખિત ફરિયાદ આપતા પીઆઈ રબારીએ તમારી દીકરીએ સમાજના દીકરા સાથે લગ્ન કરી લીધા હોવાનું અને તમારી દીકરી સલામત હોવાનું જણાવી આજ રટણ બીજા દિવસે યથાવત રાખતા અને બે દિવસ પછી તમારી દીકરીને પરત લઈ જજો જણાવતા પીઆઈ એન.કે. રબારી પર વિશ્વાસ રાખતા દીકરી ગુમાવવાનો વારો આવ્યો હોવાનું અને પીઆઈ રબારી સામે પણ ફરિયાદ નોંધવાની માંગ કરી હતી. રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ પરિવારજનો અને સામાજિક અગ્રણીઓને તટસ્થ તપાસ કરવાની બાહેંધરી આપતા પરિવારજનોએ પીઆઈ એન.કે. રબારી સામે ફરિયાદ નોંધવાની માંગ પડતી મૂકી હતી. સાંસદ ડૉ. કિરીટ સોલંકી અને રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીએ પણ એન. કે. રબારીને સસ્પેન્ડ



કરવામાં આવેની માંગ કરી હતી. જીલ્લા પોલીસવડા મયુર પાટીલ પર પણ પી.આઈ. રબારીને છાવરતા હોવાના આક્ષેપ થતા તેમની બદલી ઈસરી પોલીસ સ્ટેશન કરાયા બાદ ડીજીપી શિવાનંદ ઝાએ એન. કે. રબારીને સસ્પેન્ડ કરવાનો આદેશ કરાતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે.

મોડાસાની પીડિતાના મોત મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. મોડાસા ટાઉન પી.આઈ. એન.કે. રબારીની ઈસરી પોલીસ સ્ટેશનમાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલે બદલી કરી દીધી હતી. ત્યારે અરવલ્લીના મોડાસામાં યુવતીના અપમૃત્યુ કેસમાં પોલીસતંત્ર એક્શનમાં આવ્યું છે. પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ મોડાસાના પીઆઈ એન.કે. રબારીને સસ્પેન્ડ કર્યા છે. એન.કે. રબારીની ગંભીર બેદરકારી જણાઈ આવતાં આ કાર્યવાહી કરવામાં આવી છે. મોડાસા પોલીસે ગુનો નોંધવામાં વિલંબ કર્યો હોવાની ફરિયાદોને ગંભીરતાથી લઈને રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ એન.કે. રબારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તો પરિવારને તાકીદે ન્યાય મળે તે માટે સિનિયર અધિકારીઓની સીટની રચના કરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

# સિસરાણા હાઈસ્કૂલમા તાલુકા કક્ષાનો કલા મહોત્સવ યોજાયો

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર તથા કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ તથા



જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી, પાલનપુર આયોજીત કેળવણી મંડળ સંચાલીત નવ હાઈસ્કૂલ સીસરાણા ગામમાં વડગામ તાલુકા કક્ષાનો કલા મહોત્સવ-૨૦૨૦નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં જીલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેના, પૂર્વ પ્રમુખ પાલનપુર નગર અનીકેત ઠાકર, વડગામ ભાજપ પ્રમુખ પ્રવીણસિહ રાણા, મહામંત્રી રામજીભાઈ બેરા, લાલાજી ઠાકોર, રાકેશભાઈ પ્રજાપતિ, સરપંચ, લક્ષ્મણભાઈ પટેલ, ધુડાભાઈ જોશી, જીલ્લા સંયોજક પીતેશભાઈ સોની, સંગીત કલાકાર ગોવિંદભાઈ બારોટ, શાળાના આચાર્યો, પી.બી. ચંડીશા, અમરત રાજવંશી, ઈશ્વરભાઈ સોલંકી, ગજાનનભાઈ જોશી તેમજ ગ્રામજનો બાળકોએ વડગામ તાલુકાના વિદ્યાર્થીઓએ ગરબા, એકપાત્રીય અભીનય, લોકનુત્ય, વગેરે ૧૪ ઈવેન્ટમાં ભાગ લીધો હતો તેમજ મહેમાનોએ ગુજરાત સરકાર દ્વારા રમશે ગુજરાત જીતશે ગુજરાતના સ્લોગન સાથે ગુજરાતના વિદ્યાર્થીઓમાં કલા અને રમતગમત ક્ષેત્રે આગળ વધે તે માટે ખેલ મહાકુંભ તેમજ કલા મહોત્સવની શરૂઆત કરી છે.

# યાતનાના અંતે મર્યા પછી પણ પીછો ન છોડયો

### વાંદીયોલના પેટા પરા કાદવીયા ગામે મૃતદેહને વૈતરણીની યાતના નડી, ડાઘુઓમાં રોષ

ભિલોડા, તા. ૧૮

ગતિશીલ ગુજરાત,સમૃદ્ધ ગુજરાતની બૂમરેંગ વચ્ચે અંતરિયાળ ગામડાઓની હાલત કફોડી છે.



આઝાદીના ૭૨ વર્ષ પછી પણ લોકો પાયાની સુવિધાથી વંચિત છે. માર્ગો અને પીવાની પાણીની સુવિધા વગર ટળવળવાનો વારો આવે છે. અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંદીયોલ અને આજુબાજુના ૧૦થી વધુ ગામડાના લોકોની યાતનાનો અંત જ નથી આવતો ગામ પાસેથી પસાર થતી મેશ્વો નદી પર વર્ષો જૂની પુલ બનાવવાની માંગ અને સરપંચે પણ રાજ્યપાલ પાસે વાંદીયોલ-સોડપુર વચ્ચે પુલ નહિ બનાવતા તંત્ર પાસે જળ સમાધિની મંજૂરી મંગાઈ હોવા છતાં તંત્રનું પાણી હાલ્યું લાગતું નથી. ત્યારે વાંદીયોલના પેટા પરા કાદવીયા ગામે મુસીબત મોત પછી પણ પીછો છોડતી નથી જેવી ઘટના બની હતી. કાદવીયા ગામે આદિવાસી વૃદ્ધાનું મોત નિપજતા મૃતદેહને સ્મશાને લઈ જવા ગાત્રો થીજવતી ઠંડીમાં નદીના ઢીંચણ સમા પાણીમાંથી પસાર થવાની નોબત આવતા ડાઘુઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ભિલોડા તાલુકાના વાંદીયોલ ગ્રામ પંચાયતના પેટા પરા કાદવીયા ગામે આદિવાસી વૃદ્ધાનું મોત નિપજતા "જીવતા તો વેઠી પણ મૃત્યુ પછી પણ મૃતદેહનેય વૈતરણીની યાતના નડી" જેવો ઘાટ સર્જાયો હતો. ગામનું સ્મશાન મેશ્વો નદીના પેલે પાર હોવાથી વૃદ્ધાના મૃતદેહને અંતિમક્રિયા માટે લઈ જવા ઢીંચણ સમા પાણીમાંથી પસાર થવા મજબુર થતા ડાઘુઓમાં ભારે રોષ ફેલાયો હતો. ગ્રામજનોએ આક્રોશભર્યા સ્વરે જણાવ્યું હતું કે વાંદીયોલ નજીકથી પસાર થતી મેશ્વો નદી પર પુલ કે ડીપના અભાવે કોઈનું પણ મરણ થાય તો મૃતદેહ સાથે જીવના જોખમે પસાર થવું પડે છે. નઘરોળ તંત્ર જાણે "લાશ" બની ગયું હોય તેમ કોઈ સુવિધા પુરી પાડતું નથી. ગ્રામજનોએ અનેકવાર



વહીવટીતંત્રમાં રજુઆત કરવાની સાથે ગામના સરપંચે પુલ બનાવામાં આવેની માંગ સાથે રાજ્યપાલ પાસે જળસમાધિની માંગ કરી હોવા છતાં સમસ્યા યથાવત રહેતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે અને આઝાદીના ૭૨ વર્ષ પછી પણ મેશ્વો નદી પર પુલ બનાવવાની માંગ સ્વીકારવામાં તંત્ર ઠાગાઠૈયા કરતુ હોવાનું જણાવ્યું હતું.

# સાયરા "નિર્ભયા" કેસ : ૩ આરોપીઓના વધુ ૩ દિવસના રિમાન્ડ મંજુર

મોડાસા, તા. ૧૮

મોડાસાના સાયરા (અમરાપુર) ગામની ૧૯ વર્ષીય યુવતીનું અપહરણ, દુષ્કર્મ અને હત્યાની ઘટના પછી સમગ્ર ગુજરાતમાં ઘટનાના ભારે પડઘા પડી રહ્યા છે "નિર્ભયા" કાંડને અંજામ આપનાર ચાર આરોપીઓ માંથી ૩ આરોપીઓએ શનિવારે રાત્રે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સરેન્ડર કર્યું હતું જેમાં બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કરતા પોલીસ ધરપકડ કરી હતી, જ્યારે સતીષ ભરવાડ નામનો આરોપી હજુ પણ ફરાર છે. પોલીસે ૧૯ વર્ષીય યુવતીના અપહરણમાં વપરાયેલી આઈ-૨૦ કાર આરોપીના ઘરેથી કબ્જે લીધી હતી. મોડાસા રૂરલ પોલીસે સોમવારે મોડાસા ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ પુરા થતા આરોપીને કોર્ટમાં રજુ કરી આરોપીઓની કસ્ટોડિયલ ઈંસ્ટ્રોગેશનની જરૂરિયાત જણાતા ૯ દિવસના રિમાન્ડની માંગ કરતા નામદાર કોર્ટે આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

મોડાસાના સાયરા (અમરાપુર)ની ૩૧ ડિસેમ્બરથી પાંચ દિવસથી ગુમ યુવતીની લાશ ઝાડ પર લટકતી હાલતમાં મળી હતી. જે બાદ યુવતીના પરિવારજનોએ દુષ્કર્મ અને હત્યાનો ગુનો નોંધવાની માંગ કર્યા બાદ જ લાશનો સ્વીકાર કરવાનું જણાવ્યુ હતું. પોલીસે ફરિયાદના નોંધતા વાતાવરણ તંગ બન્યુ હતું અને મોડાસામાં લોકોએ ચક્કાજામ કર્યુ હતું. ૭ જાન્યુઆરીએ પોલીસે સમાજનો આક્રોશ જોઈ ચાર લોકો વિરૂદ્ધ, અપહરણ-દુષ્કર્મ અને હત્યા તેમજ એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોધ્યો હતો અને જેની તપાસ એસટી એસસી સેલના ડીવાયએસપી ગઢવીને સોપી હતી.



૧૧ જાન્યુઆરીએ રાત્રે નાટ્યાત્મક રીતે બિમલ ભરવાડ, દર્શન ભરવાડ અને જીગર પરમારે સરેન્ડર કર્યુ હતું. મોડાસા રૂરલ પોલીસે ત્રણે આરોપીઓને મોડાસા ડીસ્ટ્રીકટ કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટમાં રજુ કરતા ૫ દિવસના રિમાન્ડ મંજુર કર્યા પછી રિમાન્ડ પૂર્ણ થતા કોર્ટમાં રજુ કરતા પોલીસ વતી સરકારી વકીલ ડી.એસ. પટેલે આરોપીઓની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂરિયાત જણાતા અને એક આરોપી ઝડપવાનો બાકી હોવાથી અને કોલ ડિટેઈલ્સ ની તપાસ બાકી હોવાથી વધુ નવ દિવસના રીમાન્ડની માંગ કરી હતી. કોર્ટે વધુ ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કરીને વધુ તપાસ માટે પોલીસને આરોપીઓને સાથે રાખીને તપાસ કરવા માટેની મંજુરી આપી હતી. પોલીસે જે પ્રમાણે રીમાન્ડની માંગ કરી હતી તેમાં અગાઉના રીમાન્ડની કાર્યવાહી દરમ્યાન એક આરોપી જીગર પરમારે પીડીતા સાથે દુષ્કર્મ ગુજાર્યુ એટલે કે શારીરીક સંબંધ બાધ્યા હોવાની વાતનો સ્વિકાર કર્યો હોવાનો ખુલાસો કોર્ટ સમક્ષ કર્યો હતો. જેને લઈને તપાસમાં હવે એ કયા સ્થળે શારીરીક સંબંધ બાધ્યા હતા એ તપાસવા અને તેની સાથે જ તે સ્થળની ફોરેન્સીક તપાસ હાથ ધરવાની હોવાની કોર્ટ સમક્ષ રીમાન્ડના માંગવાના કારણોમાં ખુલાસો કર્યો હતો. આ ઉપરાંત ૩૧મી ડીસેમ્બરે આરોપીઓ એક બીજા સાથે ટેલીફોનીક સંપર્કમાં હતા અને બાદમાં એકાએક જ પહેલી તારીખ એટલે કે યુવતી અપહરણ થવા દરમ્યાન ટેલીફોનીક સંપર્ક તુટી જાય છે એ વાતની પણ સ્પષ્ટતા માટે પણ આરોપીઓની તપાસ કરવા માટે રીમાન્ડની જરુરીયાત દર્શાવી હતી.

સરકારી વકીલ ડી.એસ. પટેલના જણાવ્યા અનુસાર, પહેલા પાંચ દિવસના રીમાન્ડ આપ્યા હતા અને બાદમાં વધુ આજે નવ દિવસના રીમાન્ડ માંગતા ત્રણ દીવસના રીમાન્ડ નામદાર કોર્ટે મંજુર કર્યુ હોવાનું જણાવ્યું હતું.